# લિબર્ટી પેપરસેટ

## ધોરણ 10 : સામાજિક વિજ્ઞાન

**Full Solution**

**સમય : 3 કલાક** **અસાઈનમેન્ટ પ્રશ્નપત્ર 10**

### વિભાગ A

**1.** (F), **2.** (A), **3.** (E), **4.** (B), **5.** (D), **6.** ✓(સાચું), **7.** × (ખોટું), **8.** ✓ (સાચું), **9.** × (ખોટું), **10.** ✓ (સાચું) **11.** હુંડિયામણ, **12.** ઈ.સ. 1972, **13.** વૃષ્ટિ, **14.** ગ્રાન્ડ એનિકટ, **15.** કોંકણ, **16.** (A) (1-C), (2-D), (3-A), (4-B), **17.** (D) દક્ષ : તે વૃષ્ટિ જળસંચયની એક પદ્ધતિ છે. **18.** (C) નદીઓ, **19.** (C) વિકાસશીલ **20.** (B) પ્રાથમિક ક્ષેત્ર, **21.** આંતરરાષ્ટ્રીય વ્યાપાર **22.** અમદાવાદ **23.** બિન આર્થિક પ્રવૃત્તિ, **24.** વ્યાપાર, સંદેશા-વ્યવહાર, હવાઈ તથા દરિયાઈ માર્ગો, શિક્ષણ, આરોગ્ય, બેન્કિંગ તેમજ વીમો, પ્રવાસ, મનોરંજન.

Liberty

## વિભાગ B

➢ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેક પ્રશ્નના ૨ ગુણ)**

25. નેગ્રીટો (હબસી) પ્રજા વિશે માહિતી આપો.

➥ નેગ્રીટો અથવા નીગ્રો જાતિ ભારતના સૌથી પ્રાચીન નિવાસીઓ છે. કેટલાંક ઇતિહાસકારોનું માનવું છે કે નેગ્રીટો આફ્રિકામાંથી બલૂચિસ્તાનના રસ્તે થઈ ભારતમાં આવેલા હતા.

➥ નેગ્રીટો વર્ણે શ્યામ, 4 થી 5 ફૂટ ઊંચા અને માથે વાંકડિયા વાળ ધરાવતા હતા.

26. ભારત પ્રાચીન સંસ્કૃતિ ધરાવતો દેશ છે. - સમજાવો.

➥ સમુદ્રની ઉત્તરે અને હિમાલયની દક્ષિણે આવેલા સ્થળનું નામ ભારતવર્ષ છે. જેનાં સંતાનો ભારતીય છે, તેમ પ્રાચીન ગ્રંથ વિષ્ણુપુરાણમાં કહેવાયું છે.

➥ ભારતમાં શુભ કાર્યોના પ્રારંભે લેવાતા સંકલ્પોમાં 'ભારતવર્ષ', 'ભરતખંડ', 'જંબુદ્વીપ', 'આર્યાવર્ત' વગેરે શબ્દોનો ઉપયોગ થાય છે.


➥ ભારત દેશની સમૃદ્ધિથી આકર્ષાઈને અનેક વિદેશી પ્રજાઓ પોતાના ભિન્ન ભિન્ન આશયથી આવી અને સ્થાયી થઈ છે તથા ભારતીય સંસ્કૃતિના મહાનદમાં ભળી ગઈ.

➥ લાંબા ગાળાથી આદાન-પ્રદાનની પ્રક્રિયાને લીધે આપણા વારસાનું હસ્તાંતરણ થતાં તેનો સાતત્યપૂર્ણ વિકાસ થયો છે.

➥ આમ, કહી શકાય કે ભારત પ્રાચીન સાંસ્કૃતિક વારસો ધરાવે  છે.

27. પાટણનાં પટોળાં વિશે માહિતી આપો.

➥ ગુજરાતમાં સોલંકી યુગના સુવર્ણકાળ દરમિયાન પાટણમાં અનેક સાળવીઓ આવીને વસ્યા.

➥ 

➥ તેમની આવડત અને કૌશલ્યને કારણે પાટણનાં પટોળાં વિશ્વભરમાં જાણીતાં બન્યાં.

➥ અત્યંત અટપટી, જટિલ અને સમય માંગી લેતી આ કલા 850 વર્ષ કરતાં પણ પ્રાચીન છે.

➥ પાટણમાં બનતા રેશમી વસ્ત્ર 'બેવડ ઇક્ત' (ઇક્ત-વણાટ)ને પટોળાં તરીકે ઓળખવામાં આવે છે, જેમાં બંને બાજુ એક જ ભાત દેખાતી હોઈ બંને બાજુ પહેરી શકાય છે.

➥ પટોળાં વર્ષો સુધી ટકે છે અને તેનો રંગ પણ જતો ન હોવાથી 'પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિ' — એ કહેવત પણ પ્રચલિત છે.

28. માનવજીવન અને માટી વચ્ચે ઘણો જ પ્રાચીન સંબંધ રહ્યો છે. - વિધાન સમજાવો.

➥ માનવજીવન અને માટી વચ્ચેનો ઘણો જ પ્રાચીન સંબંધ રહ્યો છે.

➥ વ્યક્તિના જન્મથી મરણ સુધીની યાત્રા માટી સાથે જોડાયેલી રહે છે.

➥ ધાતુકામની શોધ થઈ નહોતી ત્યારે માનવી મોટે ભાગે માટીમાંથી બનાવેલી વસ્તુઓનો જ ઉપયોગ કરતો હતો. જેમાં માટીનાં રમકડાં, ઘડા, કુલડી, કોડિયાં, હાંડલાં, માટીના ચૂલા તથા અનાજસંગ્રહ માટેની કોઠીઓ વગેરે ગણી શકાય.

➥ પ્રાચીનકાળમાં ઘરોની દીવાલોને પણ માટી અને છાણથી લીંપીને રક્ષણ અપાતું.

➥ ઉપયોગી પાણી, દૂધ, દહીં, છાશ અને ઘી જેવા પ્રવાહી પણ માટીનાં વાસણોમાં રાખવામાં આવતાં, ઉપરાંત રસોઈનાં વાસણો પણ માટીનાં રહેતાં. દા.ત., લોથલ, મોહેં-જો-દડો તથા હડપ્પા સંસ્કૃતિ સમયનાં માટીનાં લાલ રંગનાં પવાલાં, બરણી, રકાબી વગેરે વાસણો મળી આવ્યાં છે.

➥ કુંભારનો ચાકડો માટીકામ માટેનું પ્રાચીન ભારતનું પ્રથમ યંત્ર ગણી શકાય.

➥ વર્તમાન સમયે પણ માટીનાં વાસણોનો ઉપયોગ થાય છે. દા.ત., નવરાત્રીમાં ગરબા માટેનો માટીનો ઘડો.

➥ કાચી માટી અને કાચી માટીમાંથી પકવેલાં (ટેરાકોટા) વાસણો તેમજ વસ્તુઓનું ઉત્પાદન કરવા માટે ભારત પ્રાચીનકાળથી જાણીતો છે. દા.ત., ભારતના તેલંગણાના નાગાર્જુનકોંડા અને ગુજરાતમાં લાંઘણજ ખાતેથી વાસણોના જૂના અવશેષો મળી આવ્યા છે.

29. કોણાર્કના સૂર્યમંદિર વિશે લખો.

Liberty

- કોણાર્ક સૂર્યમંદિર ઓડિશા રાજ્યના પુરી જિલ્લામાં આવેલું છે.
- 13મી સદીમાં ગંગવંશના રાજા નરસિંહવર્મન પ્રથમના સમયમાં નિર્માણ થયું છે.
- બાર વિશાળ પૈડાં ઉપર અને સાત ઘોડા વડે ખેંચાતું હોય તેવું રથઆકારનું આ મંદિર છે. પૈડાં બાર મહિના અને પૈડાંમાં આઠ આરા એ દિવસના આઠ પ્રહરોને દર્શાવે છે.
- કાળા પથ્થરમાંથી બનેલું આ સૂર્યમંદિર 'કાળા પેંગોડા' તરીકે ઓળખાય છે.

30. પ્રાચીન સમયથી ભારત તીર્થભૂમિ રહ્યું છે. – વિધાન સમજાવો.

- ભારતના લોકો વિવિધ તીર્થસ્થાનોની યાત્રાએ જાય છે.
- ભારતમાં ચારધામમાં ઉત્તરાખંડમાં બદ્રીનાથ, તમિલનાડુમાં રામેશ્વરમ્, ગુજરાતમાં દ્વારકા અને ઓડિશામાં જગન્નાથપુરીનો સમાવેશ થાય છે.
- ભારતમાં ચારધામની યાત્રા ઉપરાંત બાર જ્યોતિર્લિંગની યાત્રા પણ પ્રચલિત છે.
- ભારતમાં 51 શક્તિપીઠો અને અમરનાથની યાત્રા પણ મહત્ત્વપૂર્ણ છે.
- ગિરનાર, શેત્રુંજય અને નર્મદાની પરિક્રમાનું પણ અનેરું મહત્ત્વ છે.
- આમ, પ્રાચીન કાળથી ભારત તીર્થભૂમિ રહ્યું છે.

31. વન્યજીવોના વિનાશનાં કારણો જણાવો.

- જંગલ ક્ષેત્રો જળપ્લાવિત વિસ્તારોમાં માનવીય દખલથી વન્યજીવોનાં પ્રાકૃતિક આવાસો જોખમાયાં છે.
- જંગલોનો વિનાશ થઈ રહ્યો છે, જે પ્રાકૃતિક અસંતુલન માટે સૌથી વધારે કારણભૂત છે. જેની સીધી અસર વન્યજીવો પર થતાં તેમની સંખ્યામાં ઘટાડો થયો છે.
- માનવ પોતે પ્રાણીઓનાં વાળ, ખાલ, હાડકાં, શિંગડાં કે નખ-મેળવવાના સ્વાર્થથી કે ક્યારેક શોખથી થતો શિકાર વન્યજીવ વિનાશ માટે જવાબદાર બને છે.
- આજે માનવની લોભ-લાલચ, સડકનિર્માણ, બહુહેતુક યોજનાઓ, ખનન પ્રવૃત્તિ, નવી વસાહતોનું નિર્માણ, નવા ઉદ્યોગની સ્થાપના વગેરેને લીધે જંગલોનો વિનાશ થતો રહ્યો છે. જેનાથી વન્યજીવો નિર્વાસિત થયા છે.
- ઘાસચારો, બળતણ કે પશુચરણ માટે જંગલો પર દબાણ વધી રહ્યું છે.
- જંગલોમાં આગ લાગવાથી અનેક પ્રજાતિ મોતના મુખમાં ધકેલાઈ જાય છે. જો આગ વન્યજીવોનાં બચ્ચાં ઉછેરવાનાં કે ઈંડાં સેવવાના ગાળામાં લાગે ત્યારે અનેક વન્યજીવો પર નકારાત્મક અસર થાય છે.
- પ્રાણીજ ઔષધિઓ કે સુગંધી દ્રવ્યો મેળવવા કરાતો શિકાર તે પ્રજાતિને વિલુપ્તિના (વિનાશના) આરે લાવી દે છે.
- પોતાના કુદરતી નિવાસ અને આહાર ગુમાવતાં પ્રાણીઓ જંગલોની બહાર આવતાં માનવ સાથેની અથડામણમાં ક્યારેક જીવ ગુમાવે છે.

32. પારિભાષિક શબ્દોનો અર્થ : (1) ખનીજ (2) બોક્સાઇટ (3) સીસું

- (1) ખનીજ
  - પૃથ્વીના ખડકોમાં અજૈવિક પ્રક્રિયાને કારણે રચાયેલા ચોક્કસ રાસાયણિક, સમગુણી બંધારણ અને વિશિષ્ટ અણુરચના ધરાવતાં ઘન, પ્રવાહી કે વાયુ સ્વરૂપના પદાર્થોને ખનીજ કહે છે.
- (2) બોક્સાઇટ
  - બોક્સાઇટ એ એલ્યુમિનિયમની કાચી ધાતુ છે. બોક્સાઇટમાંથી એલ્યુમિનિયમ મેળવવામાં આવે છે. બોક્સાઇટ સૌપ્રથમ વાર 1821માં ફ્રાન્સના લેસ-બાક્સ (Les Baux) પાસેથી મળી આવેલ.
- (3) સીસું
  - સીસું એ મુલાયમ અને વજનમાં ભારે હોય છે. સીસાની ધાતુને 'ગેલેના' કહે છે.

33. ચૂનાના ઉપયોગ જણાવો.

- ચૂનાના વિવિધ ઉપયોગો નીચે મુજબ છે :
- સિમેન્ટની બનાવટમાં ચૂનાનો વિપુલ ઉપયોગ થાય છે.
- લોખંડ ગાળવા અને રાસાયણિક ઉદ્યોગ, સોડાએશ, સાબુ, રંગ-રસાયણ, મકાન બાંધકામ, કાગળ અને ખાંડ શુદ્ધીકરણમાં ચૂનાનો ઉપયોગ થાય છે.

34. મને ઓળખો :
(1) સનરાઇઝ ઇન્ડસ્ટ્રિઝ
(2) પૂર્વનું માન્ચેસ્ટર

- (1) સનરાઇઝ ઇન્ડસ્ટ્રિઝ
  - પ્લાસ્ટિક ઉદ્યોગને સનરાઇઝ ઇન્ડસ્ટ્રિઝ (Sunrise Industries) પણ કહે છે. દેશમાં પ્લાસ્ટિકની માંગમાં સતત વધારો થઈ રહ્યો છે.
- (2) પૂર્વનું માન્ચેસ્ટર

Liberty

➠ ગુજરાતમાં અમદાવાદને 'પૂર્વનું માન્ચેસ્ટર' કહે છે.

35. શણ ઉદ્યોગ કઈ કઈ સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે ? - સમજાવો.

➥ શણ ઉદ્યોગ વધુ ઉત્પાદન-ખર્ચ તથા આંતરરાષ્ટ્રીય બજારમાં શણની ઘટતી જતી માંગ જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે.

36. આતંકવાદની આર્થિક અસરો વર્ણવો.

➥ આતંકવાદ, એ એક વૈશ્વિક સમસ્યા છે. જેની વિવિધ ક્ષેત્રો પર વ્યાપક અને લાંબા ગાળાની આર્થિક અને સામાજિક અસરો પડે છે.

➥ આર્થિક અસરો :

(1) આતંકવાદને પરિણામે લોકોમાં ભયનું વાતાવરણ ઊભું થતાં ઉદ્યોગના વિકાસ માટે પ્રોત્સાહક વાતાવરણ નિર્માણ પામતું નથી. આતંકવાદ પ્રભાવિત પ્રદેશનો વેપાર-ઉદ્યોગનો વિકાસ અટકી જાય છે.

(2) વેપાર-ઉદ્યોગોને માઠી અસર થતાં લોકોને અન્ય પ્રદેશમાં વેપાર-રોજગાર માટે સ્થળાંતર કરવું પડે છે.

(3) ક્યારેક આતંકવાદીઓ ભય અને ધમકી આપીને ઉદ્યોગપતિઓ, કર્મચારીઓ, વેપારીઓ પાસે નાણાં પડાવે છે.

(4) આતંકવાદીઓ માદક દ્રવ્યો અને કાળાં નાણાંની હેરાફેરી જેવી અસામાજિક પ્રવૃત્તિઓ કરે છે. જેના કારણે દેશમાં આર્થિક-સામાજિક સમસ્યાઓ ઉત્પન્ન થાય છે.

(5) આતંકવાદીઓ રેલવે, રેડિયો સ્ટેશનો, રસ્તા, પુલ, બંધો, સરકારી મિલકતોને નુકસાન પહોંચાડે છે. તેથી આવી મિલકતોના પુનર્નિર્માણ માટે કરોડો રૂપિયા ખર્ચ કરવા પડે છે.

(6) આતંકવાદને અટકાવવા તથા સરકારી સલામતી અને સુરક્ષા માટે કરોડો રૂપિયા સંરક્ષણક્ષેત્રે ખર્ચ કરવા પડે છે. જેના કારણે સામાજિક વિકાસનાં કાર્યો પ્રમાણમાં ઓછાં થાય છે. વિકાસ અટકે છે.

(7) આતંકવાદના પરિણામે રાજ્ય કે રાષ્ટ્રના પરિવહન ઉદ્યોગ, પર્યટન ઉદ્યોગને આર્થિક નુકસાન સહન કરવું પડે છે.

➥ આમ, આતંકવાદ સામાજિક અને આર્થિક એમ બંને રીતે નુકસાનકારક છે. તેથી તેનું કાયમી નિરાકરણ લાવવું આવશ્યક છે.

37. સાંપ્રદાયિકતાને દૂર કરવા કયા ઉપાયો જણાવો? (ગમે તે ચાર)

➥ સાંપ્રદાયિકતા એ વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના વિકાસને અવરોધતું પરિબળ છે. તેથી સાંપ્રદાયિકતાને દૂર કરવા નીચેના ઉપાયો હાથ ધરવા જોઈએ :

➥ સૌપ્રથમ નાગરિકો અને સરકારે સાંપ્રદાયિક તત્ત્વોનો સખતાઈપૂર્વક સામનો કરવો પડશે અને તેને દૂર કરવાના તમામ પ્રયત્નો કરવા પડશે.

➥ સાંપ્રદાયિકતાને દૂર કરવાનું અસરકારક સાધન શિક્ષણ છે. આપણા શિક્ષણ કે અભ્યાસક્રમમાં દરેક ધર્મની સારી બાબતોને સામેલ કરવી જોઈએ, તેમજ સર્વધર્મ પ્રાર્થના અને સામાજિક પર્વોની ઉજવણી જેવી પ્રવૃત્તિથી બાળકોમાં સર્વધર્મ પ્રત્યે આદરભાવ કેળવવો જોઈએ.

➥ સાંપ્રદાયિકતા વિચારધારા પર આધારિત રાજકીય પક્ષોને માન્યતા આપવી જોઈએ નહીં. ચૂંટણી માટે ખાસ આચારસંહિતા છે. તેનો ચુસ્તપણે અમલ કરવો જોઈએ.

➥ રેડિયો, ટી.વી., સિનેમા, પ્રચાર માધ્યમો જેવાં શ્રેષ્ઠ દૃશ્ય-શ્રાવ્ય સાધનો થકી સમભાવ અને સહિષ્ણુતાનો પ્રસાર કરવો જોઈએ. રાષ્ટ્રહિત અને રાષ્ટ્રવાદને પ્રોત્સાહિત કરે તેવા કાર્યક્રમો પ્રસારિત કરવા જોઈએ.

➥ ધાર્મિક અને રાજકીય વડાઓએ સાંપ્રદાયિકતાને નાથવા પ્રયત્ન કરવો જોઈએ.

➥ સાંપ્રદાયિકતાને દૂર કરવા યુવાનોમાં સાંપ્રદાયિકતાના સ્થાને બિનસાંપ્રદાયિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસે તેવા પ્રયત્નો સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે થવા જોઈએ.

➥ સાંપ્રદાયિકતા સામે માત્ર સરકારે જ નહીં, સમાજે પણ વિશિષ્ટ પ્રયત્નો કરવા જોઈએ.

➥ ધર્મ, જ્ઞાતિ, પ્રાંત, ભાષાથી ઉપર રાષ્ટ્રહિત, રાષ્ટ્રગૌરવ છે. તેવી સમજ વિકસાવવી, જે લોકોને એક તાંતણે બાંધે છે અને તે રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રીય એકતાને પોષે છે.

**વિભાગ**

➢ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેક પ્રશ્નના 3 ગુણ)**

38. નીચેનું ચિત્ર જોઈને પ્રશ્નોના ઉત્તર આપો.



(1) આ કયા સ્તૂપનું ચિત્ર છે ?

(2) આ સ્તૂપ કયા રાજ્યમાં આવેલો છે ?

(3) આ સ્તૂપ કયા ધર્મના સ્થાપત્યકલાનો અમૂલ્ય નમૂનો છે?

➥ (1) સાંચીનો સ્તૂપ,

(2) મધ્ય પ્રદેશ,

(3) બૌદ્ધ ધર્મ.

39. ગુજરાતના પ્રસિદ્ધ સૂર્યમંદિર-મોઢેરાનો પરિચય આપે.

➥ મોઢેરા સૂર્યમંદિર :

- ગુજરાતના મોઢેરા (મહેસાણા) ખાતે આવેલ સૂર્યમંદિર ઈ.સ. 1026માં સોલંકી વંશના રાજવી ભીમદેવ પ્રથમના શાસનકાળમાં બંધાયું હતું.
- આ મંદિરનું પ્રવેશદ્વાર પૂર્વ દિશામાં એવી રીતે રચવામાં આવ્યું છે કે સૂર્યનું પ્રથમ કિરણ મંદિરના ગર્ભગૃહમાં રહેલી સૂર્યપ્રતિમાના મુકુટની મધ્યમાં રહેલા મણિ પર પડતાં સમગ્ર મંદિર પ્રકાશથી ઝળહળી ઊઠતું અને સમગ્ર વાતાવરણમાં જાણે કે દિવ્યતા પ્રગટતી.
- આ મંદિરમાં સૂર્યની 12 મૂર્તિઓ અંકિત થયેલી આજે પણ જોઈ શકાય છે.
- આ મંદિરનું નકશીકામ ઇરાની શૈલીમાં થયેલું જોવા મળે છે.
- મંદિરની બહારના જળકુંડની ચારે બાજુ નાનાં નાનાં કુલ 108 જેટલાં દેરાં આવેલાં છે. ત્યાં ઉષા અને સંધ્યાકાળે પ્રગટતી દીપમાલાને લીધે એક નયનરમ્ય દૃશ્ય ઊભું થતું હતું.

40. પ્રારંભિક બૌદ્ધ સાહિત્ય વિશે જણાવો.

➥ પ્રારંભિક બૌદ્ધ સાહિત્ય પાલી ભાષામાં રચાયું.

➥ બૌદ્ધ સાહિત્ય ત્રણ ભાગોમાં વહેંચાયેલું છે. જેને ત્રિપિટક તરીકે ઓળખવામાં આવે છે. જેમાં સુત્તપિટક, વિનયપિટક અને અભિધમ્મપિટકનો સમાવેશ થાય છે. જેને બૌદ્ધ ધર્મગ્રંથ તરીકે પણ ઓળખાય છે.

➥ આ ઉપરાંત બૌદ્ધ સાહિત્યમાં અન્ય ગ્રંથો પણ લખાયેલા જોવા મળે છે.

41. જમીનધોવાણ અટકાવવાના ઉપાયો જણાવો.

➥ જમીનધોવાણનો અર્થ :

- જમીનધોવણ એટલે જમીનના કણોનું ગતિશીલ હવા કે પાણી દ્વારા એક સ્થળેથી બીજા સ્થળે દૂર સુધી સ્થળાંતરિત થવું.
- જમીનના ઉપલા કણોનું ઝડપથી કુદરતી બળો દ્વારા અન્યત્ર સ્થળાંતર થઈ જવું.

➥ જમીનધોવાણ અટકાવવાના ઉપાયો :

- જમીન પર પશુચરાણ પ્રવૃત્તિઓ નિયંત્રિત કરવી.
- ઢાળવાળી જમીનોમાં સમોચ્ચરેખીય પગથિયાંની તરાહથી વાવેતર કરવું.
- પડતર જમીનમાં વૃક્ષોનું વાવેતર કરવું.
- પાણીના વહેળા પડતા હોય ત્યાં આડબંધ બનાવવા.
- ઢાળવાળા ખેતરમાં ઊંડી ખેડ કરી વહેતાં પાણીનો વેગ ધીમો પાડવો.

42. કાળી જમીન એ કપાસની જમીન તરીકે પણ ઓળખાય છે. વિધાન સમજાવો.

➥ આ જમીનનો ઉદ્ભવ દખ્ખણ ભારતમાં લાવાના પથરાવાથી થયો છે, જે ભારતના કુલ ક્ષેત્રફળમાં લગભગ 15% હિસ્સો છે.

➥ આ જમીનમાં લોહ, ચૂનો, કેલ્શિયમ, પોટાશ, એલ્યુમિનિયમ અને મેગ્નેશિયમ કાર્બોનેટનું પ્રમાણ વધુ હોવાથી તેની ફળદ્રુપતા સારી ગણાય છે.

➥ આ જમીન રંગે કાળી, ચીકણી અને કસદાર છે. તેમજ તેમાં ભેજસંગ્રહણશક્તિ સારી છે.

➥ કાળી જમીન કપાસના પાકને વિશેષ અનુકૂળ હોવાથી આ જમીન કપાસની કાળી જમીન તરીકે પણ ઓળખાય છે.

43. ટૂંક નોંધ લખો : વિશ્વ વ્યાપાર સંગઠન

➥ સંયુક્ત રાષ્ટ્રસંઘના સભ્યદેશો દ્વારા 1 જાન્યુઆરી, 1995થી આંતરરાષ્ટ્રીય વ્યાપાર સંગઠનની (WTO – World Trade Organisation) શરૂ કરવામાં આવ્યું.

➥ વિશ્વ વ્યાપાર સંગઠનનું વડું મથક સ્વિટ્ઝર્લૅન્ડના જિનીવા ખાતે આવેલ છે.

➥ વિશ્વ વ્યાપાર સંગઠનનાં ધ્યેયો :

(1) વિશ્વના દેશો વચ્ચેના વ્યાપારી અવરોધો દૂર કરવા.

(2) વિદેશ વ્યાપાર માટે દેશના ઉદ્યોગોને આપવામાં આવતું સંરક્ષણ દૂર કરવું.

(3) વૈશ્વિક સ્તરે વ્યાપારનીતિ અને આર્થિક નીતિ વચ્ચે યોગ્ય સંકલન સાધવું.

(4) વિશ્વના દેશો વચ્ચે ઉદ્‌ભવતા વેપારી ઝઘડાઓનું નિવારણ કરવું.

➥ વિશ્વ વ્યાપાર સંગઠનનાં કાર્યો :

(1) બહુરાષ્ટ્રીય વ્યાપાર અને તેને લગતા કરારો માટે જરૂરી માળખું ઊભું કરી કરારોનો અમલ કરવો.

(2) બહુરાષ્ટ્રીય વ્યાપાર માટે થયેલ ચર્ચા-વિચારણા અને વાટાઘાટો માટે ‘ફોરમ’ તરીકે કામગીરી બજાવે છે.

(3) વિશ્વ વ્યાપાર સંગઠન એ ભેદભાવ વગર આંતરરાષ્ટ્રીય વ્યાપારને પ્રોત્સાહન પૂરું પાડે છે.

(4) વિશ્વના દેશો જે રાષ્ટ્રીય નીતિને અનુસરતા હોય તેનું અવલોકન કરે છે અને જરૂરી સુધારા-વધારા સૂચવે છે.

44. નીચે આપેલાં ચિત્રોને ઓળખી તેનાં પૂરાં નામ લખો.




➥ (1) ISI – Indian Standard Institue

(2) FPO – Food Prodduct Order

(3) MPO – Meat Processing Optimiser

45. ગ્રાહકનું શોષણ થવાનાં કારણો જણાવો.

➥ ગ્રાહકનું શોષણ થવાનાં કારણો નીચે મુજબ છે :

(1) ગ્રાહક પોતે જવાબદાર :

➥ ગ્રાહકની અજ્ઞાનતા, નિરક્ષરતા, જાગૃતિનો અભાવ, સંગઠનનો અભાવ વગેરે પરિબળોના કારણે ઉત્પાદકો ગ્રાહકોનું વિવિધ પ્રકારે શોષણ કરી ગેરલાભ ઉઠાવે છે.

(2) મર્યાદિત માહિતી :

➥ ગ્રાહક ચીજવસ્તુના ઉપયોગની માહિતી કે જાણકારીના જ્ઞાનના અભાવે છેતરાય છે.

➥ વસ્તુના વેચાણ પછીની સેવાઓ, વોરંટી કે ગેરંટી જેવી માહિતીના અભાવે ગ્રાહક શોષણનો ભોગ બને છે.

(3) મર્યાદિત પુરવઠો :

➥ જ્યારે બજારમાં વસ્તુ કે સેવાની માંગની સામે પૂરતી માત્રામાં તેનો પુરવઠો હોતો નથી, ત્યારે અછતની સ્થિતિ સર્જાય છે અને ગ્રાહકોનું વિવિધ પ્રકારે શોષણ થાય છે.

➥ બજારના ઉત્પાદકો કે વેપારીઓ દ્વારા નફાખોરી, સટ્ટાખોરી કે કાળાબજારી દ્વારા કૃત્રિમ અછત ઊભી કરીને ગ્રાહકોનું શોષણ કરવામાં આવે છે.

(4) મર્યાદિત હરીફાઈ :

➥ બજારમાં મર્યાદિત હરીફાઈ હોય અથવા ઇજારા કે અલ્પહસ્તક ઇજારાની સ્થિતિ પ્રવર્તતી હોય ત્યારે ગ્રાહકોનું વિવિધ પ્રકારે શોષણ થાય છે.

➥ આવી સ્થિતિમાં ગ્રાહકોને હલકી કક્ષાનો કે ખામીયુક્ત માલસામાન ઊંચી કિંમતે વેચીને ગ્રાહકોનું શોષણ કરવામાં આવે છે.

46. મહિલા સમાનતા અંગે ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ જણાવો.

➥ ગુજરાતમાં મહિલાઓના ઉત્કર્ષનાં ત્રણ પાસાંઓ જેવાં કે મહિલાઓનું શૈક્ષણિક સશક્તિકરણ, મહિલા આરોગ્ય અને મહિલા સુરક્ષાને ધ્યાનમાં રાખીને મહિલા કેન્દ્રિત જેન્ડર બજેટમાં વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે.

➥ ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ નીચે મુજબ છે :

(1) શાળા-પ્રવેશોત્સવ અને કન્યા-કેળવણી રથયાત્રા :

➥ આ યોજના કન્યા-કેળવણીને પ્રોત્સાહન આપવાના હેતુથી શરૂઆત થઈ, જેના લીધે શાળાઓમાં 100% નામાંકન અને મહિલા સાક્ષરતા દરમાં વધારો જોવા મળેલ છે.

(2) વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના :

➥ 35% થી ઓછો સ્ત્રી સાક્ષરતા દર ધરાવતાં ગામ-શહેરી વિસ્તારમાં વસતાં અને ગરીબીરેખાની નીચે જીવતાં કુટુંબોની દીકરીઓને પ્રાથમિક કે માધ્યમિક શાળામાં પ્રવેશ મેળવતી વખતે આ બોન્ડ આપવામાં આવે છે.

(3) સરસ્વતી સાધના યોજના :

➥ આ યોજના અન્વયે દર વર્ષે દોઢ લાખ કન્યાઓને વિનામૂલ્યે સાઇકલો આપવામાં આવે છે. બહારગામ કે શહેરોમાં અભ્યાસ માટે જતી દીકરીઓને ST બસમાં મફત મુસાફરીની સુવિધા રાખવામાં આવે છે.

(4) સબલા યોજના :

➥ કિશોરીઓને પોષણયુક્ત આહાર તેમજ તેમનાં કૌશલ્ય-વિકાસ માટે અમલી બનાવી છે.

Liberty

(5) અનામતની જોગવાઈ :

➡ ગુજરાત સરકારે મહિલાઓ માટે સરકારી નોકરીઓમાં 33% અનામતની તથા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલા અનામત 33% થી વધારીને 50% કરવામાં આવેલ છે.

(6) રાષ્ટ્રીય સ્વાવલંબન યોજના :

➡ આ યોજનામાં શ્રમજીવીઓ અને વૃદ્ધોને પાછલી ઉંમરે જીવનનિર્વાહ માટે પેન્શન મળે તેવો હેતુ છે. આ ઉપરાંત નિરાધાર વિધવા અને મહિલાઓ ઓશિયાળું જીવન જીવવા લાચાર ન બને તે માટે તેમને આર્થિક સહાય આપવામાં આવે છે.

(7) મિશન મંગલમ્ યોજના :

➡ આ યોજનામાં મહિલાઓને પગભર બનાવવા માટે સખીમંડળ દ્વારા સરકાર આર્થિક સહાય કરે છે.

(8) ઇ-મમતા કાર્યક્રમ :

➡ મહિલાને આરોગ્ય માટે મોબાઇલ ટેક્નોલોજી દ્વારા નોંધણી કરીને પ્રસૂતિ સંબંધિત મૃત્યુ ઘટાડવાનો પ્રયાસ છે. તેમજ નિયમિત આરોગ્ય તપાસ અને બાળકના રસીકરણનો ખ્યાલ રખાય છે.

(9) બેટી બચાવો :

➡ જાતિભેદ નાબૂદી માટેની આ યોજનામાં 'બેટી બચાવો, બેટી વધાવો, બેટી પઢાઓ' દ્વારા સ્ત્રી સશક્તિકરણ અભિયાન ચલાવવામાં આવ્યું છે.

(10) ચિરંજીવી યોજના :

➡ આ યોજના અનુસૂચિત જાતિ અને જનજાતિના સામાન્ય પરિવારોની પ્રસૂતા મહિલાઓને પ્રસૂતિકાળે દવાઓ, લેબોરેટરી તપાસ, ઓપરેશન જેવી સેવા વિનામૂલ્યે પૂરી પાડવાની જોગવાઈ છે.

## વિભાગ D

➢ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેક પ્રશ્નના ૪ ગુણ)**

47. **ગણિતથી દુનિયાનો વ્યવહાર ચાલે છે, તે વિસ્તારથી સમજાવો.**

➡ સમગ્ર દુનિયાનો વ્યવહાર ગણિતથી ચાલે છે. તે ગણિતશાસ્ત્રક્ષેત્રની મહત્ત્વની શોધો ભારતમાં થયેલી ગણવામાં આવે છે.

➡ ભારતે વિશ્વને શૂન્ય (0)ની શોધ, દશાંશપદ્ધતિ, બીજગણિત, રેખાગણિત બોધાયનનો પ્રમેય અને વૈદિક ગણિત જેવી શોધો આપી છે.

➡ **ગૃત્સમદ** : આંકડાની પાછળ શૂન્ય લગાવીને લખવાની પ્રક્રિયાના શોધક ગૃત્સમદ ઋષિ હતા.

➡ **મેધાતિથિ** : 'મોહેં-જો-દડો' અને 'હડપ્પા'ના અવશેષોમાં માપવાનાં અને તોલવાનાં સાધનોમાં 'દશાંશપદ્ધતિ' જોવા મળી છે. તેની ઓળખ પ્રાચીન સમયમાં મેધાતિથિએ આપી.

➡ પ્રાચીન ભારતમાં ગણિતજ્ઞોએ 1ની પાછળ 53 શૂન્યો મૂકવાથી બનતી સંખ્યાઓનાં નામ નિર્ધારિત કર્યાં છે.

➡ **ભાસ્કરાચાર્ય** : ઈ.સ. 1150માં 'લીલાવતી ગણિત' અને 'બીજગણિત' નામના ગ્રંથો લખ્યા. તેમણે સરવાળા, બાદબાકીનું પણ સંશોધન કર્યું હતું.

➡ **બ્રહ્મગુપ્તે** : સમીકરણના પ્રકાર અને ઉકેલ બતાવ્યા હતા.

➡ **બોધાયન** : ત્રિકોણમિતીય પ્રમેયની રચના કરી.

➡ **આપસ્તંભ** : ઈ.સ. પૂર્વે 800માં 'શૂલ્વસૂત્રો'માં વિવિધ વૈદિક યજ્ઞો માટે જરૂરી વિવિધ વેદીઓનાં પ્રમાણ નિશ્ચિત કર્યાં છે અને સિદ્ધાંતનું વિશ્લેષણ કર્યું છે.

➡ **આર્યભટ્ટ** : આર્યભટ્ટે ગણિતશાસ્ત્રમાં આર્યભટ્ટિયમ્, દશગીતિકા અને આર્યસિદ્ધાંત જેવા ગ્રંથો રચ્યા છે. જેમાં ગણિતશાસ્ત્રની માહિતી અને શોધો વિશે ઉલ્લેખ છે.

➡ 'આર્યભટ્ટિયમ્' ગ્રંથમાં 'π' પાઇની કિંમત 22/7 & 3.14 જેટલી થાય છે. તેનો ઉલ્લેખ કર્યો.

➡ પરિઘ અને વ્યાસના ગુણોત્તરને દર્શાવતો અચળાંક π પાઈ છે.

➡ ભાગાકારની આધુનિક પદ્ધતિ, ગુણાકાર, સરવાળા, બાદબાકી, વર્ગમૂળ, ઘનમૂળ આદિ અષ્ટાંગ પદ્ધતિની જાણકારી આર્યભટ્ટે તેમના ગ્રંથોમાં આપી છે, માટે જ તેમને 'ગણિતશાસ્ત્રના પિતા' તરીકે ઓળખવામાં આવે છે.

➡ 'આર્યસિદ્ધાંત' ગ્રંથમાં જ્યોતિષશાસ્ત્રના મૂળ સિદ્ધાંતોનું સંક્ષેપમાં વર્ણન આપ્યું છે.

➡ આર્યભટ્ટે ગણિત, અંકગણિત અને રેખાગણિતના મૂળભૂત પ્રશ્નોનું સમાધાન શોધ્યું હતું.

48. **પ્રાચીન ભારતમાં વૈદકવિદ્યા અને શૈલ્યચિકિત્સા પ્રાચીન ભારતનું મહત્ત્વ જણાવો.**

➡ ભારતે પ્રાચીનકાળથી વૈદકવિદ્યા અને શૈલ્યચિકિત્સા ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી છે.

➡ ભારતીય વૈદકશાસ્ત્રના મહાન પ્રણેતાઓ મહર્ષિ ચરક, મહર્ષિ સુશ્રુત તથા વાગ્ભટ્ટે પોતાનાં સંશોધનોથી વૈદક શાસ્ત્રનાં ઉચ્ચતમ શિખરો સર કર્યાં છે.

➡ મહર્ષિ ચરકે 'ચરકસંહિતા' નામના ગ્રંથમાં 2000 ઉપરાંત વનસ્પતિ ઔષધોનું વર્ણન કરેલું છે.

➡ મહર્ષિ સુશ્રુતે 'સુશ્રુતસંહિતા' નામના ગ્રંથમાં વાઢકાપનાં ધારદાર સાધનોનો ઉલ્લેખ કર્યો છે.

➡ આ સાધનો માથાના વાળને ઊભા બે ભાગમાં ચીરી શકે તેટલાં ધારદાર હતાં.

Liberty

- વાગ્ભટ્ટે 'વાગ્ભટ્ટસંહિતા' નામનો મહત્ત્વનો ગ્રંથ લખેલો છે.
- પ્રાચીન ભારતીય ઔષધશાસ્ત્રમાં ખનીજ, વનસ્પતિ અને પ્રાણીજ ઔષધોનો વિશાળ સંગ્રહ સમાયેલો છે.
- ભારતીય ઔષધશાસ્ત્રોમાં દવા બનાવવાની ઝીણવટભરી વિધિઓની સાથે દવાઓનું વર્ગીકરણ તથા દવાના ઉપયોગ સંબંધિત સૂચનો આપવામાં આવ્યાં છે.
- વાઢકાપ કરવા માટે પ્યાલા આકારે પાટો બાંધી લોહીનું પરિભ્રમણ અટકાવી પેઢુ, મૂત્રાશય, સારણગાંઠ, મોતિયો, પથરી, હરસનાં ઓપરેશન કરી શકતાં હતાં.
- વૈદકો ભાંગેલા હાડકાંને બંધબેસાડતા તથા શરીરમાં ઘૂસી ગયેલા પદાર્થોને બહાર કાઢવાની તમામ બાબતોમાં નિપુણ હતા. તૂટી કે કપાઈ ગયેલા નાક-કાનની 'પ્લાસ્ટિક સર્જરી' પણ કરી આપતા હતા.
- પ્રસૂતિકાળનાં જોખમી ઓપરેશનો પણ કરતાં તથા બાળ તથા સ્ત્રીરોગના પણ નિષ્ણાત હતા.
- મૃત શરીરના વાઢકાપ કે મીણના પૂતળા દ્વારા વિદ્યાર્થીઓને જ્ઞાન કે સમજ આપતાં.
- વિવિધ રોગોનાં કારણો તેનાં લક્ષણોનું વર્ગીકરણ કરી તેનું નિદાન કરી પાળવાની પરેજીનો ખ્યાલ આપતા હતા.
- પ્રાચીન ભારતમાં પ્રાણી રોગોનાં શાસ્ત્રોનો પણ વિકાસ થયો છે. જેમાં 'હસ્તી આયુર્વેદ' તથા શાલિહોત્રનું 'અશ્વશાસ્ત્ર' ખૂબ જ પ્રખ્યાત છે.
- વૈદકશાસ્ત્રના વિદ્વાન વાગ્ભટ્ટે નિદાનક્ષેત્રે 'અષ્ટાંગહૃદય' જેવો ગ્રંથ લખી મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

49. ઘઉંના પાકને અનુકૂળ સંજોગો જણાવો.

- ભારતમાં ડાંગર પછી ઘઉં એ બીજો મહત્ત્વનો ધાન્ય પાક છે.
- ભારતની $\frac{1}{3}$ જમીન પર ઘઉંની ખેતી થાય છે.
- દેશના ઉત્તર-પશ્ચિમ ભાગમાં વસતા લોકોનો મુખ્ય ખોરાક ઘઉં છે.
- ઘઉં એ સમશીતોષ્ણ કટિબંધીય રવી પાક છે.
- ઘઉંના પાકને ઠંડી આબોહવા અનુકૂળ રહે છે.
- ઘઉંના પાકને નીચું તાપમાન જરૂરી છે.
- ઘઉંના પાક માટે કાળી કે ફળદ્રુપ ગોરાડુ જમીન અને 75 સેમી વાર્ષિક વરસાદ જરૂરી છે.
- ભારતમાં હરિયાળી ક્રાંતિ બાદ ઘઉંનું ઉત્પાદન લગભગ બમણું થયું છે.
- ભારતમાં પંજાબને 'ઘઉંનો કોઠાર' કહે છે.
- ઉત્પાદક રાજ્યો અને પ્રદેશો :
  - મુખ્ય રાજ્યો પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ. ઉપરાંત મધ્ય પ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ ગૌણ રાજ્યો છે.
  - ગુજરાતમાં અમદાવાદ (ભાલ), મહેસાણા, રાજકોટ, જૂનાગઢ, ખેડા વગેરે મુખ્ય જિલ્લાઓ છે.
  - રોજિંદા ખોરાકમાં વપરાતા સર્વ પ્રકારના અનાજમાં ઘઉં શ્રેષ્ઠ છે.
  - ઘઉંના લોટમાંથી રોટલી, ભાખરી, સેવ, શીરો, લાપશી, લાડુ, સુખડી, પાઉં, પૂરી, કેક, બિસ્કિટ વગેરે અનેક વાનગીઓ બને છે.
  - બધા પ્રકારના અનાજ કરતાં ઘઉંમાં પૌષ્ટિક તત્ત્વો વધારે છે. આથી જ ઘઉં 'અનાજનો રાજા' ગણાય છે.
  - ભારતમાં ઘઉંનો પાક ખૂબ જ મહત્ત્વનો છે.

50. ભારતમાં કૃષિક્ષેત્રે થયેલા ટેક્નિકલ્ સુધારાઓ વર્ણવો.

- (1) યાંત્રિકીકરણ : કૃષિક્ષેત્રે દાતરડું, હળ, ગાડું જેવાં ટાંચાં અને સાદાં સાધનોના સ્થાને આધુનિક ઉપકરણો જેવાં કે ટ્રેક્ટર, ટ્રેલર્સ, રોટાવેટર ઉપરાંત લણણી કે કાપણી માટેનાં થ્રેસર, હાર્વેસ્ટર જેવાં આધુનિક ઉપકરણો વપરાવાથી ખેતી સરળ બની છે.
- (2) સિંચાઈ : ખેડૂતો પહેલાં કોસ, રહેંટના સ્થાને સબમર્સિબલ કે મોનોબ્લોક પંપ, સોલર પંપ, તથા ટપક કે ફુવારા સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ વધતો ગયો છે.
- (3) રાસાયણિક ખાતરો : કૃષિક્ષેત્રે વર્તમાન સમયમાં D.A.P., N.P.K. અને યૂરિયા તેમજ જૈવિક ખાતરો, પ્રવાહી જૈવિક ખાતરનો ઉત્તરોત્તર ઉપયોગ વધતા કૃષિ-ઉત્પાદનમાં વધારો થયો છે.
- (4) હાઇબ્રીડ બિયારણો : કૃષિક્ષેત્રે નવાં નવાં સંસાધનો થકી બિયારણની નવી નવી જાતો વિકસાવવામાં આવી છે. જેમાં બીટી બિયારણ મુખ્ય છે.
- (5) ગ્રામસેવકો : ખેડૂતોને ખેતીલક્ષી માહિતી અને માર્ગદર્શન અથવા કે કૃષિ સંશોધનોથી ખેડૂતોને માહિતીગાર કરવા ગ્રામસેવકોની દરેક ગામડાંમાં નિયુક્તિ થઈ છે.
- (6) તાલીમકેન્દ્રો : દરેક જિલ્લામથકે અત્યાધુનિક ખેત-પદ્ધતિથી ખેડૂતોને પ્રશિક્ષિત કરવા માટે ખેડૂત તાલીમકેન્દ્રો સ્થપાયાં છે તથા કૃષિમેળાઓ દ્વારા ખેડૂતોને અદ્યતન સાધન-સામગ્રી ઉપરાંત માહિતી-માર્ગદર્શન અપાય છે.
- (7) કૃષિ યુનિવર્સિટીઓ : ભારતના દરેક રાજ્યમાં કુશળ કૃષિવિદ્ અને નવાં-નવાં સંશોધન અર્થે કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. જેમ કે ગુજરાતમાં દાંતીવાડા, જૂનાગઢ, આણંદ અને નવસારી ખાતે કૃષિ યુનિવર્સિટી સ્થપાયેલી છે.
- (8) સંશોધક સંસ્થા : ભારતમાં કૃષિક્ષેત્રે સંશોધન કરતી સંસ્થાઓ પણ સ્થપાઈ છે. જેવી કે,
  - ICAR – ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચર રિસર્ચ

Liberty

- DARE – ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રિકલ્ચર રિસર્ચ એન્ડ એજ્યુકેશન

➥ (9) પ્રચાર અને પ્રસાર : સરકાર દ્વારા ખેડૂતોને રેડિયો, ટીવી, વર્તમાનપત્રો, DD કિસાન ચેનલ, મોબાઇલ પર SMS, ટોલ ફ્રી નંબર 18001801551, ખેડૂત વેબપોર્ટલ i-ખેડૂત, મોબાઇલ એપ દ્વારા સતત માહિતી, નવી તક્નિકો અને માર્ગદર્શન ઉપરાંત હવામાન સંદર્ભે જાણકારી પૂરી પાડવામાં આવે છે.

51. ગરીબીરેખાથી નીચે જીવતા લોકોનાં સામાન્ય લક્ષણો જણાવો.

➥ ગરીબીનો અર્થ :

- સમાજનો મોટો વર્ગ તેના જીવનની મૂળભૂત અને પાયાની જરૂરિયાતો જેવી કે, અન્ન, વસ્ત્ર, રહેઠાણ તથા શિક્ષણ અને આરોગ્યની સેવાઓ ન્યૂનતમ માત્રામાં પણ ભોગવવાથી વંચિત રહીને જીવન ગુજારતો હોય ત્યારે સમાજની તેવી સ્થિતિને વ્યાપક કે દારૂણ 'ગરીબી' કહે છે.
- ગરીબી એ ગુણાત્મક ખ્યાલ છે.
- ભારતમાં ગરીબીને વ્યક્તિના જીવનના લઘુતમ સ્તર તરીકે જીવામાં આવે છે.

➥ ગરીબીરેખા નીચે જીવતા લોકોનાં સામાન્ય લક્ષણો :

- વ્યક્તિને બે ટંક પૂરતું ભોજન મળતું ન હોય.
- જેઓ સતત પોષણક્ષમ આહારના અભાવે નાના-મોટા રોગોથી પીડાતા હોય.
- જેમનાં બાળકોનું કુપોષણના લીધે બાળમૃત્યુનું પ્રમાણ ઊંચું રહેતું હોય.
- તેનું આયુષ્ય રાષ્ટ્રીય સરેરાશ આયુષ્યદરથી પણ ઓછું હોય.
- તેની આવક નિર્ધારિત અપેક્ષિત આવકથી પણ ઓછી હોય.
- જેમનાં બાળકોને કુટુંબની આવકમાં વધારો કરવાની ફરજે ભણવાની ઉંમરે મજૂરી કે કામધંધે જવા મજબૂર થવું પડતું હોય.
- જેઓ મોટે ભાગે નિરક્ષર હોય.
- રહેવા માટે પૂરતી માત્રામાં મોકળાશવાળી જગ્યા પ્રાપ્ત ન થઈ હોય.
- નાછૂટકે ગંદા વસવાટ કે સ્લમ વિસ્તારોમાં વસવાટ કરવો પડતો હોય.

52. બેરોજગારીનાં મુખ્ય સ્વરૂપોની ચર્ચા કરો.

➥ ભારતીય અર્થતંત્રમાં બેરોજગારીના મુખ્ય પ્રકાર નીચે મુજબ છે :

(1) ઋતુગત બેરોજગારી :

➥ ભારતમાં વ્યક્તિને વર્ષ દરમિયાન અમુક ઋતુમાં કામધંધો મળે જ્યારે અમુક ઋતુમાં બેકાર બનવું પડે તો તેને મોસમી કે ઋતુગત બેરોજગારી કહે છે. જેમ કે –

➥ ભારતમાં કૃષિક્ષેત્રે વરસાદની અનિયમિતતા તથા સિંચાઈની અપૂરતી સગવડોને કારણે ખેડૂતો ઉનાળાની ઋતુમાં મોટે ભાગે બેકાર બને છે તથા આવા સમયગાળામાં વૈકલ્પિક રોજગારી પણ મળતી નથી.

(2) ઘર્ષણજન્ય બેરોજગારી :

➥ બજારમાં નવી ટેક્નોલોજી અને જૂની ટેક્નોલોજીના ઘર્ષણમાંથી ઉદ્ભવતી બેરોજગારી ઘર્ષણજન્ય બેરોજગારી કહેવાય છે. જેમ કે, નવી ટેક્નોલોજી આવતા જૂની ટેક્નોલોજીના કારીગરોએ બેકાર બનવું પડે તો તેને ઘર્ષણજન્ય બેરોજગારી કહે છે.

(3) માળખાગત બેરોજગારી :

➥ ભારતીય અર્થતંત્ર પછાત અને રૂઢિયુસ્ત છે. સામાજિક પછાતપણું, પરંપરાગત ઋઢિઓ-રિવાજો, નિરક્ષરતા તેમજ માળખાગત સુવિધાઓને અભાવે બેરોજગાર બનવું પડે છે. જેને માળખાગત બેરોજગારી કહેવાય છે.

(4) પ્રચ્છન્ન કે છૂપી બેરોજગારી :

➥ જ્યારે કોઈ કામધંધા કે વ્યાવસાયિક પ્રવૃત્તિમાં જરૂર કરતાં વધુ શ્રમિકો રોકાયેલા હોય, તો વધારાના શ્રમિકોને ઉત્પાદન- કાર્યમાંથી ખસેડી લેવાથી કુલ ઉત્પાદનમાં કોઈ ફેર પડતો નથી, તો આવા વધારાના શ્રમિક પ્રચ્છન્ન કે છૂપી રીતે બેરોજગાર કહેવાય છે, જે ભારતીય કૃષિક્ષેત્રે જોવા મળે છે.

(5) ઔદ્યોગિક બેરોજગારી :

➥ ઔદ્યોગિક ક્ષેત્રે આવતા ફેરફારને લીધે વ્યક્તિ લાંબા કે ટૂંકા ગાળા માટે બેરોજગાર બને તો તેને ઔદ્યોગિક બેરોજગારી કહે છે. જેમ કે, પાવરકાપને લીધે અમુક દિવસ કંપની-કારખાનાં બંધ રહે અને કામદારે બેરોજગાર બનવું પડે છે.

(6) શિક્ષિત બેરોજગાર :

➥ વ્યક્તિ ઓછામાં ઓછું ધોરણ 10 પાસ હોય એટલે કે માધ્યમિક સુધી શિક્ષણ પ્રાપ્ત કરેલું હોય છતાં વ્યક્તિ બેરોજગાર હોય તો તેને શિક્ષિત બેરોજગાર કહેવાય છે.

53. બાળમજૂરી અટકાવવાના ઉપાયો જણાવો.

➥ બાળમજૂરી કે બાળકોનું શોષણ કે તેમના પરના અત્યાચારને રોકવા માટે ભારત સરકારે કેટલીક બંધારણીય જોગવાઈઓ કરી છે :

Liberty

(1) 14 વર્ષથી ઓછી વયનાં બાળકોને કોઈ પણ કંપની-કારખાનાંમાં કે કોઈ પણ કામ-ધંધામાં અથવા વ્યવસાયમાં નોકરીએ રાખી શકાશે નહીં. જેના માટે 'બાળમજૂરી પ્રતિબંધક ધારો' અમલમાં મુકાયો છે. આના ભંગ બદલ નોકરી આપનાર સામે કાનૂની રાહે પગલાં ભરીને સજા કરી શકાય છે.

(2) બાળપણમાં કે કિશોરાવસ્થામાં કોઈ પણ બાળકનું કોઈ પણ પ્રકારે શોષણ ન થાય તથા તેને નૈતિક સુરક્ષા અને ભૌતિક સુવિધાઓથી વંચિત કરી શકાતું નથી.

(3) બંધારણનો અમલ શરૂ થયાનાં દસ વર્ષમાં 14 વર્ષની ઉંમર સુધીનાં તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો પ્રબંધ સરકારે કરવાનો રહેશે.

➥ આ સંદર્ભે કેન્દ્ર અને રાજ્ય સરકારે RTE મુજબ 6થી 14 વર્ષની ઉંમરનાં તમામ બાળકોને મફત અને ફરજિયાત સાર્વત્રિક શિક્ષણ મેળવવાનો અધિકાર 2005થી અમલમાં મૂક્યો છે.

Liberty